Posted at Mumbai PC Stg. Office

Date of Posting 15 & 16 Every Month
Date of Publishing 15th of Every Month

|| શ્રી ગણેશાય નમઃ ||   MUMBAI PATIDAR PRAGATI GUJRATI (MONTHLY)   || શ્રી ઉમિયાય નમઃ ||

# મુંબઈ પાટીદાર પ્રગતિ

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) નું મુખપત્ર


* સ્થાપના : ૧૯/૧૦/૧૯૯૯ * સંચાલન : શ્રી કચ્છી કડવા પાટીદાર યુવા મંડળ (મુંબઈ) * મુખપત્ર સમિતિ * તંત્રી : શ્રી છગનભાઈ નાનજી રામજીયાણી *

October 2025 Shree Kutchhi Kadva Patidar Gnyati Trust Fund (Mumbai), Patidar Wadi, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.


વર્ષ : ૨૫ ● અંક ૨૮૧   તા. ૧૫/૧૦/૨૦૨૫ ● પાના - ૪

दीपज्योतिः परब्रह्म दीपज्योतिर्जनार्दनः । दीपो हरतु मे पापं दीपज्योतिर्नमोऽस्तु ते ।।

|| શ્રી ગણેશાય નમઃ ||



|| શ્રી ઉમાયૈ નમઃ ||



સર્વે સ્નેહી જ્ઞાતિજનોને દીપાવલીના અભિનંદન અને નૂતન વર્ષ વિક્રમ સંવત ૨૦૮૨ ની હાર્દિક શુભકામના.

દીપાવલીના દીપ આપણા સૌના જીવનમાં આશાના દીપ પ્રગટાવે અને નૂતન વર્ષમાં આપણા સૌના જીવનમાં નવા ઉત્સાહ, ઉમંગ અને ચેતનાનો સંચાર કરી સૌને પ્રગતિના પંથે અગ્રેસર રાખે એવી કુળદેવી મા ઉમિયા અને ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણને પ્રાર્થના.

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) વતી

**શ્રી કાંતિલાલ નારાયણ સેંઘાણી**
ચેરમેન

**શ્રી પ્રકાશ હરજી માવાણી**
મેનેજીંગ ટ્રસ્ટી

**તથા ટ્રસ્ટી ગણ**

**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ (મુંબઈ) વતી**

**શ્રી વિનય જેઠાલાલ છાભૈયા**
પ્રમુખ

**શ્રી ભાવેશ પ્રેમચંદ પોકાર**
મહામંત્રી

**શ્રી ક.ક.પાટીદાર મહિલા મંડળ (મુંબઈ) વતી**

**શ્રીમતી વર્ષાબેન નરેશ દિવાણી**
પ્રમુખ

**શ્રીમતી પૂનમબેન નરેન્દ્ર રામજીયાણી**
મહામંત્રી

**તથા કાર્યવાહક સમિતિના સર્વે સભ્યો**

**અને ઉપરોક્ત ટ્રસ્ટ ફંડના વિસ્તારમાં સક્રિય સર્વે ક.ક.પા.સમાજો, યુવક મંડળો તથા મહિલા મંડળો**

## તંત્રી સ્થાનેથી...

### ૨૬માં વર્ષમાં પ્રવેશ કરતા...

આપણા આ મુખપત્રક વિજયાદશમી તા. ૧૯-૧૦-૧૯૯૯ ના શરૂઆત પામેલ પ્રયાસ આજે ૨૫ વર્ષની સુખદ યાત્રા પુરી કરીને હાલે દિવાળી તા. ૨૦-૧૦-૨૦૨૫ ના શુભ દિવસે ૨૬માં વર્ષમાં આપ સૌના આશીર્વાદથી પ્રવેશ કરી રહ્યું છે.

ભગવાન શ્રી રામએ વિજયાદશમીના દિવસે સુવર્ણ નગરી શ્રીલંકામાં દશાદીધારી રાવણને પરાજય આપી તેઓના નાનાભાઈ વિભીષણનો

અનુસંધાન પાના નં. ૪ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતી ટ્રસ્ટ ફંડ (મુંબઈ)

આપ સર્વેને દીવાળી પર્વની હાર્દિક શુભકામનાઓ અને નૂતન વર્ષ વિક્રમ સંવત ૨૦૮૨ની હાર્દિક શુભેચ્છાઓ. આગામી નવ વર્ષ આપણા સૌના જીવનમાં આશાના દીપ પ્રગટાવે તથા સર્વેના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવે એવી કુળદેવી મા ઉમિયા અને ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ પાસે પ્રાર્થના.

**નૂતન વર્ષ સ્નેહમિલન તથા સરસ્વતિ સન્માન કાર્યક્રમ**
**તારીખ : ૨૫-૧૦-૨૦૨૫, શનિવાર * સમય : બપોરે ૩.૦૦ કલાકે**
**સ્થળ : પાટીદારવાડી ઘાટકોપર**

આગામી નવવર્ષ વિક્રમ સંવત ૨૦૮૨ને ઉલ્લાસથી વધાવવાની સાથોસાથ સરસ્વતિ સન્માન ભાગ-૨માં સહભાગી થવા આપ સૌ જ્ઞાતિજનોને ભાવભર્યું આમંત્રણ છે.

**લી. ચેરમેન કાંતિભાઈ નારાણ સેંઘાણી - મેનેજીંગ ટ્રસ્ટી પ્રકાશભાઈ માવાણી**

**સમર્થ વ્યક્તિ પ્રતિકુળતાને અનુકુળતામાં પલટાવી શકે છે.**

# શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ-ડોંબિવલી આયોજીત
## શ્રી પાટીદાર યુવક મંડળ-ડોંબીવલી, શ્રીક.ક.પા.મહિલા મંડળ-ડોંબીવલી સહયોગી
## ''વિજયા દશમી મહોત્સવ-૨૦૨૫'' - વાર્ષિક સામાન્ય સભા, સરસ્વતી સન્માન, વાર્ષિક મિલનનો અહેવાલ

ઉપરોક્ત સમાજ દ્વારા તા. ૦૨-૧૦-૨૦૨૫ના રોજ વિજયા દશમી, વાર્ષિક સામાન્ય સભા, સરસ્વતી સન્માન, વાર્ષિક મિલનના કાર્યક્રમનું આયોજન પાટીદાર ભવન-ડોંબીવલી ખાતે કરવામાં આવેલ હતું.

સૌ પ્રથમ સમાજના સહમંત્રી દ્વારા મહાનુભાવોને મંચ પર સ્થશન ગ્રહણ કરાવેલ હતું તેમજ સર્વે મહાનુભવોના હસ્તે દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરેલ હતી.

ત્યારબાદ યુવક મંડળ-ડોંબીવલી દ્વારા સરસ્વતી સન્માન પાર્ટ-૧ની શરૂઆત કરેલ હતી જેમાં ધોરણ ૧ થી ૬ના વિદ્યાર્થીઓને દાતાશ્રીના હસ્તે ઈનામ આપવામાં આવેલ હતા.

ત્યારબાદ સમાજ, યુવક મંડળ, મહિલા મંડળના હિસાબ કિતાબની રજુઆત કરવામાં આવેલ હતી તેમજ વર્ષ ૨૦૨૫ થી ૨૦૨૭ સુધીની યુવક મંડળ-ડોંબીવલીની નવી કારોબારીની ઓળખ વિધી કરવામાં આવેલ હતી.

ત્યારબાદ વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૫ સુધી શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ-મુંબઈના ટ્રસ્ટી મંડળમાં ડોંબીવલીથી નિયુકત થયેલ ટ્રસ્ટી શ્રી શાંતીલાલ શીવજી ભીમાણી, શ્રી શાંતીલાલ કાનજી ભગત, શ્રી નરેન્દ્ર કલ્યાણજી ધોળુંનું સમાજ, યુવક મંડળ, મહિલા મંડલ વતીથી સન્માન કરવામાં આવેલ હતું તેમજ નવનીયુક્ત ટ્રસ્ટી એવા વાઈસ ચેરમેન શ્રી નરેન્દ્ર કલ્યાણજી ધોળું, સહ.મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મનસુખ પચાણ વાડીયા, શ્રી જયંતિલાલ કાનજી શીરવીની ઓળખ વિધી કરવામાં આવેલ હતી.

ત્યારબાદ ઉમિયા માતાજી પાટોત્સવ, શ્રી કૃષ્ણ જન્મોત્સવ, નવરાત્રી-૨૦૨૫ના દાતાશ્રીઓના સન્માન કરવામાં આવેલ હતા.

ત્યારબાદ વિવિધ ક્ષેત્રે સીધ્ધી પ્રાપ્ત કરનારનું સન્માન કરવામાં આવેલ હતું. તેમજ સમાજને મદદરૂપ એવા બાળ સંસ્કાર કેન્દ્રની સંચાલીકા બહેનો, સ્વસ્તીક ડેકોરેશનના અનીલભાઈ પાસડ તેમજ બ્લડ ડોનેશનની ટીમ કચ્છ યુવક સંઘનું સન્માન કરવામાં આવેલ હતું.

ત્યારબાદ આર.એસ.એસ. (રાષ્ટ્રીય સ્વયંમ સેવક સંઘ)ના જિલ્લા ઉપાધ્યક્ષ શ્રીમતી સુધા સુધાકર જોષી દ્વારા મહિલાઓને લવ જીહાદ શું છે અને તેનાથી કેવી રીતે સાવધ રહેવું એ વિષય પર માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

ત્યારબાદ સરસ્વતી સન્માન પાર્ટ-૨ શરૂ કરવામાં આવેલ હતો જેમાં એસ.એસ.સી. તેમજ ડીગ્રી પ્રાપ્ત વિદ્યાર્થીનું સન્માન કરવામાં આવેલ હતું.

ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોના મંતવ્યમાં ટ્રસ્ટ ફંડ વતીથી શ્રી નરેન્દ્રભાઈ ધોળું, યુવક મંડળના પ્રમુખ, મહિલા મંડળના પ્રમુખ દ્વારા પોતાના મંતવ્ય રજુ કરવામાં આવેલ હતા.

ત્યારબાદ પ્રમુખશ્રી દ્વારા પોતાના મંતવ્ય રજુ કરવામાં આવેલ હતા તેમજ સરસ્વતી સન્માન પાર્ટ-૩માં બાકી રહેલ સર્વે વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવેલ હતા.

અંતમાં આભારવિધી કરી, રાષ્ટ્રગીત ગાઈ, રાસ ગરબા રમી કાર્યક્રમને પૂર્ણ કરેલ હતો.

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ - મુંબઈ પ્રેરિત
### શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ-ડોંબીવલી આયોજીત
### શ્રી પાટીદાર યુવક મંડળ, શ્રી ક.ક.પા. મહિલા મંડળ-ડોંબીવલી સહયોગી
### ''નવરાત્રૌત્સવ-૨૦૨૫''નો અહેવાલ

ઉપરોક્ત સમાજ દ્વારા તા. ૨૨-૦૯-૨૦૨૫ થી ૦૧-૧૦-૨૦૨૫ સુધી નવરાત્રીનું આયોજન પાટીદાર ભવન-ડોંબીવલી ખાતે જ્ઞાતિજનોની ઉપસ્થીતીમાં ખુબ ધામધુમથી ઉજવેલ હતો.

સૌ પ્રથમ તા. ૨૨-૦૯-૨૦૨૫ના રોજ ગરબાના દાતાશ્રીના હસ્તે શ્રી ઉમિયા માતાજી તેમજ શ્રી અંબે માતાજીના ગરબાની વિધિવત પુજા સ્થાપના કરવામાં આવેલ હતી. ત્યારબાદ નવરાત્રી દરમ્યાન રોજ આરતીના દાતાશ્રીઓના હસ્તે આરતી કરેલ હતી.

તા. ૨૩-૦૯-૨૦૨૫ના સંસ્થાકીય આરતીમાં ડોંબીવલી સમાજના આમંત્રણને માન આપી શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતી ટ્રસ્ટ ફંડ-મુંબઈના સર્વે ટ્રસ્ટીશ્રીઓ, શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ-મુંબઈ, શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ-મુંબઈ, શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ-મુંબઈ ઝોનના પદાધીકારીઓ તેમજ કારોબારી સભ્યો હાજર રહેલ હતા તેમજ માતાજીની આરતીનો લાભ લીધેલ હતો.

નવરાત્રી દરમ્યાન રોજ લક્કી ડ્રોનું આયોજન કરવામાં આવેલ હતું તેમજ તા. ૦૧-૧૦-૨૦૨૫ના રોજ માતાજીના હવનનું પણ આયોજન કરવામાં આવેલ હતું. તેમજ નોમના દિવસે બીજી આરતી બાદ માતાજીના ગરબાનું પૂજન કરી વાજતે ગાજતે જય ભવાની જય અંબેના નાદ સાથે વિસર્જન કરવામાં આવેલ હતું.

નવરાત્રી દરમ્નયાન રોજ રાત્રે મહાપ્રાદની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી.

**લિ. શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ - ડોંબીવલી**

**પ્રમુખ : શ્રી કમલેશ મણીલાલ લિંબાણી**
**મહામંત્રી શ્રી અંબાલાલ રામજી લિંબાણી**
**સમહમંત્રી : શ્રી જીજ્ઞેશ રતીલાલ ઉકાણી**

**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા કંમંડળ.....**

પાના નં. ૩ થી ચાલું...

સહયોગી મંડળ થાણાનો તેમજ લક્ષ્મીનારાયણ યુવક મંડળનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરેલ હતો. ત્યારબાદ પાર્કિંગ સમિતિ, પોલીસ પરમિશન સમિતિ, ગ્રાઉન્ડ અને મંડપ સમિતિ, અન્નપૂર્ણા સમિતિ, સુરક્ષા સમિતિ, બેનર અને ડીજીટલ સમિતિનો તેમજ સર્વે દાતાશ્રીઓનો શાલ અને મોમેન્ટો આપીને આભાર વ્યક્ત કર્યો હતો અને ભવિષ્યમાં પણ સર્વે કાર્યકર્તા આવીજ રીતે સાથે મળીને કાર્ય કરતા રહેશો એવી અપેક્ષા વ્યકત કરેલ હતી. આ કાર્યક્રમ માટે શ્રી લક્ષ્મીનારાયણ સનાતન સમાજે ગ્રાઉન્ડ વિના મુલ્યે ફાળવ્યું હતું તે બદલ યુવા મંડળ મુંબઈએ તેમનો વિશેષ આભાર વ્યક્ત કરેલ હતો. જ્ઞાતિટ્રસ્ટ ફંડ મુંબઈના ચેરમેન શ્રી કાન્તીભાઈ સેંઘાણી અને લક્ષ્મીનારાયણ સમાજના પ્રમુખ શ્રી અરૂણભાઈ નાકરાણીએ યુવા મંડળ મુંબઈ અને દરેક જ્ઞાતિ જનોને આશીર્વચન આપ્યા હતા.

આ પ્રોગ્રામમાં ખૂબ સરસ એમ.જે. મનીષ જોશી બેન્ડના સથવારે ખેલૈયાઓ મન મૂકી ને રાસ ગરબા રમ્યા હતા. વિજેતા થયેલ ખેલૈયાઓને અલગ અલગ કેટેગરી મુજબ દાતાશ્રીઓના હસ્તે પ્રોત્સાહન આપીને સન્માનિત કર્યા હતા અને અંતે ભાવેશભાઈ પોકારે સર્વેનો આભાર વ્યક્ત કર્યો અને ભોજન કર્યા બાદ હસતા મુખે વિદાય લીધી હતી.




**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ**
**પ્રમુખ : વિનય જેઠાલાલ છાભૈયા - મહામંત્રી : ભાવેશ પ્રેમચંદ પોકાર**

તંત્રી સ્થાને થી.....

પાના નં. ૧થી ચાલું...

રાજ્યાભિષેક કરી અને દિવાળીના શુભ દિવસે પુષ્પક વિમાન દ્વારા ૧૪ વર્ષના વનવાસ બાદ જન્મભૂમિ અયોધ્યા પધારેલ તે વેળા હર્ષોઉલ્લાસના વાતાવરણમાં ઘરે ઘરે દિવાઓ દ્વારા સંપૂર્ણ નગરીને દિપાયમાન કરી સ્વાગત કરવામાં આવેલ અને ત્યારથી આપણે દિવાળીનો ઉત્સવ ઉમંગભેર ઉજવવા લાગ્યા એ આશ સાથે કે હવે શ્રી રામના આગમનથી સમગ્ર સ્થાને રામરાજ્યની સ્થાપના કરીએ.

આવુ જ કંઈક, આપણા મુખપત્રકની યાત્રા જે વિજયાદશમીથી શરૂ થઈ હાલે દિવાળીના દિવસોમાં નવા સ્વપ્ન, નવીન વિચારધારા અને નવા સ્વરૂપે આગળ વધારવાના સંકલ્પ સાથે પ્રવેશ કરવા જઈ રહ્યું છે તેવી સુવર્ણ વેળા આવો આપણે સૌ સાથે મળી આશાના દિપક દ્વારા આ મુખપત્રક ને દિપાયમાન કરીએ અને ૨૬ વર્ષની યાત્રા તરફ આગળ વધતા આપણી જ્ઞાતિમાં રામરાજ્યની સ્થાપના કરીએ.

જો આપણને રામરાજ્યની સ્થાપના કરવી હશે તો પ્રથમ આપણા કુટુંબ, પરિવાર, નોખ, વિસ્તાર, ગામ અને જ્ઞાતિમાં સારા વિચારોના બીજ રોપવા પડશે અને તેના દ્વારા આપણા રાષ્ટ્રનું ''સબકા સાથ, સબકા વિકાસ''નું સ્વપ્ન સાકાર થઈ શકે છે.

ઘણા સ્થાને આપણો જોઈએ છીએ કે અંગ્રેજીના ''૬'' (સીક્સ) શબ્દ ને કોઈ ''છ'' ના અંક દ્વારા ઓળખે છે તો કોઈ ''નવ''ના અંક દ્વારા પોતાની વિચારધારાને સાચી હોવાની સાબિત આપતો હોય છે. પણ અત્રે ફરક માત્ર દિશાનો છે.

આવું આપણી જ્ઞાતિ તરફ ના થાય તેનું ખાસ ધ્યાન રાખવા આ મુખપત્રક હંમેશા કટિબદ્ધ હોય છે અને તેથી યોગ્ય માળખા દ્વારા માન્યતા પ્રાપ્ત વિગતો જ પ્રગટ કરતુ આવ્યું છે.

અગર આપણી સમગ્ર જ્ઞાતિને ''છ'' તરફ કે ''નવ'' તરફ બધાને એક દિશા તરફ લઈ જશું તો જરૂરથી આપણે આપણી જ્ઞાતિને પ્રગતિના પંથે વિના વિઘ્ન આગળ વધારી શકશું અને એ સમય દુર નહિ હોય જ્યારે સમગ્ર જ્ઞાતિમાં રામરાજ્યની સ્થાપના કરીને રાષ્ટ્રના વિકાસમાં આપણી જ્ઞશતિનું યોગદાન આપશું એવી અભિલાષા સાથે...

**છગનભાઈ નાનજીભાઈ રામજીયાણી, તંત્રી**
**યોગેશ મણીલાલ રામાણી, સહતંત્રી**
**કુસુમબેન જયભાઈ રામજીયાણી સહતંત્રી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ/મુંબઈ રીજીયન આયોજિત શરદ ઉત્સવ ૨૦૨૫

ગત તા. ૦૪-૨૦-૨૦૨૫ ને શનિવારના શ્રી લક્ષ્મીનારાયણ ઉમાધામ-થાણા ખાતે શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ દ્વારા શરદ ઉત્સવ ૨૦૨૫ રાસગરબાનું એમ.જે. મનીષ જોશી બેન્ડના સથવારે ખૂબ સરસ અને સફળ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સર્વ પ્રથમ ઉમિયા માતાજી તેમજ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની આરતી કરી ત્યારબાદ મહામંત્રી શ્રી ભાવેશ પોકારે આવેલ સર્વે જ્ઞાતિજનોનું શાબ્દિક સ્વાગત કરી અને ઉમિયા માતાજી તેમજ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના ચરણોમાં પાટીદાર યુ. મંડળ મુંબઈના પ્રમુખશ્રી વિનયભાઈ છાભૈયા, આઈ.પી.પી. શ્રી અશોકભાઈ સેંઘાણી, જ્ઞાતિટ્રસ્ટ ફંડ મુંબઈના ચેરમેન શ્રી કાંતિભાઈ સેંઘાણી, મે.ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈ માવાણી તેમજ સર્વે ટ્રસ્ટીશ્રીઓ મહિલા મંડળ-મુંબઈના પ્રમુખ શ્રીમતી વર્ષાબેન પોકારના હસ્તે દીપ પ્રાગટ્ય કરાવ્યું હતું. તે દિવસે કચ્છના માંડવી તાલુકામાં જન્મેલ સ્વાતંત્ર્ય સેનાની ક્રાંતિગુરુ શ્રી શ્યામજી કૃષ્ણ વર્માની ૧૬૮મી જન્મ જયંતી નિમિતે તેમને શાબ્દિક શ્રદ્ધાંજલિ અર્પિત કરીને શરદોત્સવ ૨૦૨૫ નો શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રોગ્રામમાં મુંબઈનાં દરેક સહયોગી મંડળમાંથી તેમજ ઘટક સમાજ માંથી લગભગ ૩૦૦૦ થી  વધુ જ્ઞાતિજનો કાર્યક્રમમાં સહભાગી થયા હતા અને ૨૨૫ થી વધુ ખેલૈયાઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો.


પાટીદાર યુવક મંડળ મુંબઈના પ્રમુખશ્રી વિનયભાઈ છાભૈયાએ પોતાના વિચારોમાં જણાવતા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સર્વ પ્રથમ

અનુસંધાન પાના નં. ૨ પર...


## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) દ્વારા પ્રેરિત શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ મુંબઈ દ્વારા આયોજિત સહયોગી – શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ–ઘાટકોપર શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ – મુલુંડ

### એડીનો દુઃખાવો
(દવા વગર કુદરતી ઉપચાર)

- એડીનો દુઃખાવો એ એક સામાન્ય જોવા મળતી પગની સમસ્યા છે. કોઈ એક પગની એડીમાં દુઃખાવો થાય છે. સવારના દુઃખાવો ખૂબ વધારે હોય છે
- મનુષ્યના પગના પંજામાં કુલ ૨૬ હાડકા હોય છે જેમાંથી એડીનુ હાડકુ સૌથી મોટુ છે અને તેની રચના આખા શરીરના વજનને મજબત ટેકો પૂરો પાડવા માટે છે.
- પ્લાસ્ટર ફેસીઆ નામનું તંતુ-પેશીઓનું એક દળ જે પગના પંજાના તળિયે આવેલુ છે તે એડીના હાડકાને પગના પંજાના બીજા હાડકાઓ સાથે જોડે છે.
- આ પરિસ્થિતિને પ્લાન્ટર ફેસાઈટીસ અથવા હીલ સ્પર કહે છે, એડીના દુઃખાવાનું આ સર્વસામાન્ય કારણ છે અને જે લગભગ નીચેના કારણોથી થાય છે. શરીર નું વજન વધારે હોવાથી, લાંબો સમય એક જ જગ્યા એ ઉભા રહેવાથી, સંધિવાથી
- આ અંક માં આપણે દવા વગર આ બીજ પદ્ધતિ દ્વારા એડી ના દુઃખાવો ના પોઈંટ જોઈશું




હાથની વચ્ચેની આંગળી ઉપર એડીના દુઃખાવાના સંબંધિત પોઈન્ટસને શોધો (ચિત્રમાં બતાવ્યા પ્રમાણે, જે બાજુની એડીમાં દુઃખાવો હોય છે એ હાથ) ત્યારબાદ આ પોઈન્ટસને પ્રોબ દ્વારા મસાજ કરી પોઈન્ટસને સક્રિય કરી ,ગ્રીન કલર કરી મગ ના દાણા લગાડો.




આની સાથે વન પોઇન્ટ થેરપી ના પોઈંટ લગાડવાથી જલ્દી ફાયદો થાય છે. તેથી ચિત્ર માં બતાડેલા પોઈંટ ને એક્ટિવ કરી બંને હાથ ની આંગળી માં મેથી ના દાણા લગાડો.( B 61*, St 43* )

**વિશેષ** : આની માટે વોટર રીચાર્જ જે સૂક્ષ્મ પધ્ધાતં છે અને બહુ અસરકારક છે
હે ગણેશ ગુરુ ,
- અનંત કોટી બ્રહ્માંડમાંથી ચૈતન્ય મહાપ્રાણ ની મહાવર્ષા મારા એડી ના કોશ કોશિકા નાભિક માં અવતરિત થાવ (3)
- મારા શરીરના હર એક કોષો પ્રાણમય બનો (3)


હરિઓમતત્સત્

સંપર્ક : વર્ષા દિવાણી – 9870256773     શ્રુતિ સેંઘાણી – 9137868465
Email id – ojjastherapy11@gmail.com

## વસઈ વિભાગ :

**વસઈ વિભાગ સમાજ કચ્છ કડવા પાટીદાર સમાજ સનાતન સમાજની નવી કારોબારી ૨૦૨૫ થી ૨૦૨૮ સુધી નીચે મુજબ છે.**

| | |
|---|---|
| પ્રમુખ | : માવજીભાઈ મનજીભાઈ પોકાર-નાલા સોપારા-ઘડાની |
| આઈ.પી.પી. | : રમણીકભાઈ શામજીભાઈ પોકાર-વસઈ-પલીવાડ |
| મહામંત્રી | : ભવાનજી નારાયણ પોકર-વિરાર-વિરાણી લખપત |
| સહમંત્રી | : રવિલાલ શામજીભાઈ પોકાર-વસઈ-પલીવાડ |
| સંમહત્રી | : હરેશભાઈ લખમશીભાઈ દિવાણી-નાલા સોપારા-મમાયમોરા |
| ખજાનચી | : નવીનભાઈ કરમશીભાઈ પોકાર-વિરાર-વિરાણી ગઢ |
| સહખજાનચી | : પ્રવિણભાઈ રતનશી ભાઈ ધોળું-વસઈ-ઘડૂલી |
| સલાહકાર | :પરશોત્તમભાઈ કાનજીભાઈ પોકાર-વિરાર-વિરાણીલખપત |
| સલાહકાર | : ખીમજીભાઈ જીવરાજ પોકાર-વિરાણી-ગઢ |
| સલાહકાર | : શાંતિલાલ શામજીભાઈ પરવડિયા-વસઈ-ગઢશીશા |
| કારોબારી સભ્ય | : ગોપાલ શીવજીભાઈ પોકાર વિરાર-વિરાણી-લખપત |
| કારોબારી સભ્ય | : શાંતિલાલ રામજીભાઈ પોકાર-વિરાર-ગઢશીશા |
| કારોબારી સભ્ય | : વિનોદભાઈ વાલજી વાસાણી-નાલાસોપારા-વિરાણી વડવા |
| કારોબારી સભ્ય | : દિનેશભાઈ બાબૂભાઈ વાસાણી-નલાસોપારા-વિરાણી (ગઢ) |



## શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર નાતન સમાજ (મુંબઈ)
## વાર્ષિક સામાન્ય સભા ૨૦૨૪-૨૫
## સરસ્વતી સન્માન અને સ્નેહ મિલન

શ્રી ઘાટકોપર ક.ક.પા. સનાતન સમાજ મુંબઈના સભ્યોને જણાવવાનું કે આગામી વાર્ષિક સામાન્ય સભા તથા સરસ્વતી સન્માન અને સ્નેહ મિલન તા. ૨૯-૧૧-૨૦૨૫ના શનિવારે ઘાટકોપર પાટીદાર વાડી મધ્યે બપોરે ૩.૦૦ કલાકે શરૂઆત કરવામાં આવશે. આ વાર્ષિક સામાન્ય સભામાં દરેક સભ્યોને હાર્દિક આમંત્રણ છે.

**એજન્ડા :-**

૧) સ્વાગત, સ્થાન ગ્રહણ અને દીપ પ્રાગટ્ય.
૨) ગત સામાન્ય સભાની મિનીટ્સનું વાંચન અને બહાલલી.
૩) વર્ષિક હિસાબની રજુઆત અને બહાલી.
૪) ખુલ્લો મંચ.
૫) સરસ્વતી સન્માનની શરૂઆત.
૬) યુવા સંઘ, મહિલા સંઘ અને વડીલ સંસ્થા ટ્રસ્ટ ફંડ અને મુંબઈ ઝોનના આર્શીવચન.
૭) પ્રમુખ સ્થાનેથી રજુઆત અને ઉદ્બોધન.
૮) આભાર, રાષ્ટ્રગીત બાદ સામાન્ય સભાની પૂર્ણતા.

**નોંધ : રાત્રે મહાપ્રસાદની વ્યસ્થા રાખેલ છે.**

*** સરસ્વતી સન્માન મેળવવાની પાત્રતાના ધોરણો નીચે મુજબ છે ***

| ધોરણ | ગુણાંક |
|---|---|
| ૧ થી ૪ | ૮૫% વધારે ગુણાંક મેળવનાર દરેકને |
| ૫ થી ૯ | ૭૫% વધારે ગુણાંક મેળવનાર દરેકને |
| ૧૦ થી ૧૨ | ૬૦% વધારે ગુણાંક મેળવનાર દરેકને |
| ૧૨ થી ઉપરના | કોઈપણ પરીક્ષામાં ઉતીર્ણ થનાર દરેકને |

ઉપરોક્ત પાત્રતા ધરાવતા વિદ્યાર્થી/વિદ્યાર્થીઓના પરિણામ પત્ર (રીઝલ્ટ) ગુગલ લીંક પર અપલોડ કરવાના રહેશે જેની જાણ સમાજના વોટ્સગ્રુપમાં કરવામાં આવશે.

* ફોટોની સાઈઝ ૧ એમબી થી નાની હોવી ફરજીયાત છે (Whatsapp Image)
* ૨ ફોટો અપલોડ કરવાના રહેશે જેમાં એક ફોટામાં નામ અને ધોરણની વિગતો હોવી જરૂરી છે અને બીજા ફોટામાં ફાઈનલ પરીક્ષાના માર્કસ દેખાવા જરૂરી છે.

**પ્રમુખ : શ્રી પ્રફુલ રસિકલાલ નાકરાણી**
**મહામંત્રી : શ્રી રૂપેશ ડાયાલાલ સાંખલા**

નોંધ : ઘાટકોપર સમાજના સભ્યોને કુટુંબ દીઠ એક કેલેન્ડર આપવામાં આવશે.

## શ્રી કચ્છી કડવા પાટીદાર યુવા મંડળ ઘાટકોપર

જય ઉમિયા મા, જય લક્ષ્મીનારાયણ મિત્રો,

સહર્ષ આનંદ સાથે જણાવાનું કે શ્રી કચ્છી કડવા પાટીદાર યુવા મંડળ ઘાટકોપર વારા આયોજિત ''TURF TOURNAMENT''નું આયોજન તા. ૮ અને ૯ નવેમ્બર ૨૦૨૫ ના Box Play Sports Arena (બોક્સ પ્લે સ્પોર્ટસ એરેના) સ્વામી નારાયર મંદિર પાસે, ૯૦ ફિટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ)માં યોજાશે. જેમાં ઘાટકોપરના દરેક જ્ઞાતીજનોને ભાગ લેવા આમંત્રણ છે.

મહિલા તેમજ Under 16, Above 16ની ટીમ ભાગ લઈ શકશે.

**પ્રતિ ટીમનો ખર્ચ નીચે મુજબ રહેશે,**

રૂા. ૩૦૦૦/- મેન્સ
રૂા. ૨૫૦૦/- મહિલા
રૂા. ૨૫૦૦/- અંડર ૧૬

**ફોર્મ જમા કરવાના સંપર્ક સૂત્રો :**

આકાશ રામજીયાણી ૯૫૯૪૫૯૬૫૫૫ (ઘાટકોપર વેસ્ટ)
જીત ચૌધરી ૮૬૫૨૨૮૯૩૧૪ (ઘાટકોપર ઈસ્ટ)
ઉમંગ પોકાર ૯૦૮૨૫૫૬૫૬૭ (તિલક નગર)

**ખાસ નોંધ : ઘાટકોપર સમાજ ફેમિલી આઈડી ફરજિયાત છે.**

આવતા વર્ષોમાં YSK ID ફરજિયાત રહેશે.

**ફોર્મ જમા કરવાની અંતિમ ડેટ ૨૭-૧૦-૨૦૨૫ છે.**

**શ્રી કચ્છ કડવા પાટીદાર યુવા મંડળ ઘાટકોપર**
**પ્રમુખ : મયૂર સેંઘાણી - મહામંત્રી : હેનાલી પુનિત પારસીયા**

## ફંડ આયોજન સમિતિનો અહેવાલ

આપ સૌ જ્ઞાતિજનોને જણાવતાં આનંદ થાય છે કે આપણા ટ્રસ્ટની મિલ્કત રામનિવાસ તેમજ ઉમાનિવાસનું રીડેવલેપમેન્ટ કરવાનું નક્કી કરેલ છે. તે મુજબ ત્યાં નવું અત્યાધુનિક રહેણાંક મકાન બનાવવાનું નક્કી કરેલ છે. આ પ્રોજેક્ટ માટે ફંડની આવશ્યકતા છે તો તે માટે આ રેસીડેન્ટ બિલ્ડીંગમાં ડાઉનપેમેન્ટમાં ફલેટ વેચવાનું નક્કી કરેલ છે. જેના ભાવ પ્રતિ ચો.ફૂટ ૧૭,૫૦૦/- કારપેટ એરીયા પર નક્કી કરેલ છે. આથી આપ સૌ જ્ઞાતિજનોને વિનંતી સાથે અપિલ કરીએ છીએ કે આ સુવર્ણસંધિનો લાભ લઈ ટ્રસ્ટ ફંડના આ કાર્યમાં સાથ-સહકાર આપશો. ઉમા નિવાસમાં ૨૨ રૂમ ખાલી થઈ ગયેલ છે અને હવે ફક્ત ૧૨ ફલેટ ખાલી થવા બાકી છે.

**પ્રમુખ : શ્રી રામજી પ્રેમજી સેંઘાણી**
**મંત્રીશ્રી : કાંતિલાલ નારણ સેંઘાણી**

